અત્રે બાળકો ૧૦ માસ માટે રહે છે. એક દિવસનો સાબુ, તેલ, વાળ, કાપવા તથા અન્ય ખર્ચ રોજનો રૂા.૧૭/- ગણતાં ત્રીસ દિવસના રૂા.૫૧૦/- અને દસ માસના રૂા. ૫૧૦૦/- રાખેલ છે. જે કોઈપણ દાતાને અનુકૂળ રહે તેમ છે. દત્તક બાળકની વિગત અમે દાતાઓને પૂરી પાડીએ છીએ. આ ઉપરાંત શાળાની અન્ય યોજનાઓમાં તિથિદિન, લગ્નદિન, જન્મદિન નિમિત્તે પણ દાન આપી મદદરૂપ થઈ શકાય.

બધિરતા સાથે સંગીતનો તાલ મેળવવો અશક્ય નહિતો અઘરો છે. સાંભળતા ન હોવા છતાં આ બાળકો સાંસ્કૃતિક પ્રવૃત્તિથી અળગા રહ્યા નથી. તેઓ પણ ગીત-સંગીતના તાલ સાથે રાસ, ગરબા, નૃત્ય, ડ્રામા, નાટક વગેરે ખૂબ સારી રીતે કરીને બતાવી પ્રેક્ષકોના દિલ જીતી લેતાં હોય છે.

આ બાળકોને અભ્યાસ ઉપરાંત જુદી જુદી ઈતર પ્રવૃત્તિઓમાં વાળવામાં આવે છે. ચિત્ર સ્પર્ધા તથા દર વર્ષે યોજાતા ખેલ મહાકુંભમાં ભાગ લેવામાં આવે છે. અન્ય સ્વસ્થ બાળકની સાથે છૂટથી રમતા થાય તે માટે નાના મોટા પ્રવાસોનું આયોજન પણ કરવામાં આવે છે. અખિલ ગુજરાત બધિરો માટેના રમતોત્સવમાં બાળકોને ઉતારવામાં આવે છે. નડીયાદની શાળાની દ્વિદશાબ્દી મહોત્સવમાં રમતોત્સવમાં નૃત્ય સ્પર્ધામાં ભાગ લઈને બાળકોને ૩ સુવર્ણ, ૩ રૌપ્ય અને ૨ કાંસ્ય ચંદ્રક મેળવેલા છે.

આમ આ શાળા મૂક-બધિર બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને સ્વસ્થ બાળકોની જેમ જ તેઓ સમાજમાં પુનઃસ્થાપિત થઈ શકે તે માટે જરૂરી પ્રયત્નો કરે છે. બાળકોની સંખ્યા તેમજ ખર્ચમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. જે આગળ દર્શાવેલ છે.


સંસ્થાનું નવું રિનોવેશન થયેલ બિલ્ડીંગ

- **જેને ઇશ્વરે કોઇ ખોડ આપી નથી એ સૌની ફરજ છે કે વ્હીલચેર જોવાને બદલે અંદર બેઠેલી વ્યક્તિને જુએ.**
- **લાકડી જોવાને બદલે એ પકડનાર હાથોને જુએ અને એમને મદદ કરવા તત્પર રહે.**
- **આમ જુઓ તો આ દુનિયામાં વિના મદદે કોઇ રહી શકતું નથી ન તમે, ન હું ન કોઇ.**

- બી.એન. દસ્તુર

આમ, વરસોવરસ બાળકોની વધતી જતી સંખ્યાને કારણે હાલની મકાનની સગવડ હવે અપૂરતી જણાય છે. આ સંજોગોમાં સંચાલક/સલાહકાર મંડળે પુખ્ત વિચારણાને અંતે એક સુંદર વિદ્યા-વ્યવસાય સંકુલ ઊભું કરવાનું આયોજન વિચારેલ છે. આ બધિર બાળોકને વ્યવસાય આપી તેમજ વ્યવસાયના સ્થળની નજીકમાં તેમની વસાહત ઉભી કરવા અંગેનું પણ આયોજન છે. આગળ દર્શાવ્યા મુજબ શાળા, હોસ્ટેલ, બિલ્ડીંગ, ઉદ્યોગ ભવન વિગેરે માટેના નિર્દિષ્ટ સમગ્ર તથા પ્લાન માટે સારી એવી રકમની અપેક્ષા છે. આ શાળા માટે લાગણી ધ રાવતા દાતાઓ અને શુભ ચિંતકો છે જ. પરંતુ આ વખતે આપની પાસે અમારી અપેક્ષા સ્વાભાવિક જ મોટી છે. આપની ઈચ્છા અનુસાર નામ જોડવાની શરતે કે બીન શરતે ખાસ હેતુ માટે ઉદાર હાથે ફાળો આપવા નમ્ર અપીલ છે. આપના તરફથી મળેલું દાન બધિરોના સર્વાંગી ઉત્કર્ષ અને સમાજના પુનઃસ્થાપન થઈ શકે તેમજ તેમનામાં આત્મવિશ્વાસ જગાડી શકાય તે માટે જ વપરાશે. **- સંચાલક**


સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

## ટ્રસ્ટ - શાળાકીય પ્રવૃત્તિઓ

- મૂક-બધિર નિવાસી શાળા
- વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિને વેગ આપવા કાર્યક્રમો યોજવા.
- મૂક-બધિર બાળકોને પ્રિન્ટીંગ, કોમ્પ્યુટર જોબવર્ક, કોમ્પ્યુટર ટાઈપીંગ, બુક-બાઈન્ડીંગ, કટીંગ મશીન, સિવણકામ, ઓફસેટ પ્રિન્ટીંગ વગેરે તાલીમ આપવી.
- વયસ્ક મૂક-બધિર યુવકોને માટે નોકરી તથા સમૂહલગ્નોનું આયોજન કરવું.

**દયા એક એવી ભાષા છે કે જે બહેરાં સાંભળી શકે છે અને મૂંગા સમજી શકે છે.**

**“આ જગતમાંથી હું એક જ વાર પસાર થવાનો છું, તેથી જો હું કશી મમતા બતાવી શકું તેમ હોઉં કે કોઇ સારુ કામ કરી શકું તેમ હોઉ તો લાવ અત્યારે જ કરી લઉ કારણ કે હું અહીં ફરી નીકળવાનો નથી.”**

**- થોમલ કાર્લાઇલ**

**ચેક-ડ્રાફ્ટ સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના નામે લખવા વિનંતી.**

સમર્પણ મુદ્રણાલય, સે-૨૮. ફોન : ૯૮૨૪૩૩૧૧૮૬

**સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ**

સંચાલિત

# સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર

ટ્રસ્ટ રજી. નં. એફ ૮૨, ગાંધીનગર. તા. ૧૭-૭-૮૭

**બ્લોક નં. ૪૫, સરકારી પ્રાથમિક શાળા નં. ૨ની સામે, ઘ-ટાઇપ, સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮.**
**ફોન : ૦૭૯-૨૩૨૧૧૩૩૨**

**Mo. : 9824599490, 9427024222**
E-mail : samarpanmuk28@gmail.com
Web. : www.saraswatitrust.org

## સંચાલક / સલાહકાર મંડળ

**સ્વ. શ્રીમતી દિવ્યાબેન રાવલ - પૂર્વ પ્રમુખ**
**સ્વ. શ્રી કમલેશભાઇ એ.જાની - સ્થાપક**
**ગં.સ્વ.કૈલાસબેન કે. જાની - પ્રમુખ**
**શ્રીમતી પલ્લવીબેન ગુપ્તે**

| | |
|---|---|
| શ્રી નિશિત વ્યાસ | શ્રી રાજેશ પંચોલી |
| શ્રી જે. એન. પરીખ | શ્રી મધુસુદન એમ. ત્રિવેદી |
| શ્રી વૈભવ જાની - માનદ્ મંત્રી | શ્રી ધર્મેશ વી. ત્રિવેદી |
| શ્રી નિલેન્દુભાઈ વોરા | શ્રી હિરેનભાઈ શાસ્ત્રી |
| દિપ્તિ વી. જાની | ડિમ્પલબેન પંચોલી |

**Reg. No. for CSR : CSR00021880**
**Exempted under-80 G5 from Incometax**

ચેક / ડ્રાફ્ટ “સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ”ના નામે લખવા વિનંતી

# સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ

ટ્રસ્ટ નોંધણી નં. એફ/૮૨, ગાંધીનગર

સંચાલિત

## સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર, ગાંધીનગર

સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૩૭ વર્ષથી ગાંધીનગરમાં સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર નામે બહેરા-મૂંગા બાળકોની સરકાર માન્ય નિવાસી શાળા ચલાવવામાં આવે છે. હાલ  શાળામાં ૭૫ બાળકોને સરકારશ્રીના ધારાધોરણ પ્રમાણે ૧ થી ૧૦ સુધીનો અભ્યાસક્રમ વિશિષ્ટ લાયકાત ધરાવતા અનુભવી શિક્ષકો દ્વારા શીખવવામાં આવે છે. અત્રે આવતા બાળકોનો કોઈપણ ધર્મ, જાતિ, જ્ઞાતિ પંથ કે પ્રદેશના ભેદભાવ સિવાય તમામને વિના મૂલ્યે લોજીંગ-બોર્ડીંગ, કપડાં, વૈદ્યકીય સારવાર તેમજ વ્યવસાયિક તાલીમ પણ આપવામાં આવે છે. સુજ્ઞ પરિવારો તરફથી શાળાને હૂંફ અને સહકાર મળતો રહે છે.




આ શાળાના બાળકોની મુશ્કેલી એ છે કે બાળકોને કાન અને જીભ હોવા છતાં, દેખવે સ્વસ્થ લાગતા હોવા છતાં તેઓ સાંભળી નથી શકતા કે બોલી નથી શકતા. આ બાળકોને ફક્ત ભાષાકીય જ્ઞાન સાથે જ સમાજમાં મુકવા તે બરાબર નથી. પરંતુ તેઓ સમાજમાં સ્વમાનપૂર્વક સ્વાશ્રયી જીવન જીવી શકે તે માટેની કાળજી લઈને અભ્યાસક્રમની સાથે ફાજલ સમયમાં આ બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલું છે. સંસ્થા તરફથી બાળકોને વિકાસની પૂરતી તક મળે અને તેમની સમજ, સુઝ, આવડત અને ઋચિ અનુસાર આ બાળકોને ચિત્રકામ, પ્રિન્ટીંગ, બુક-બાઈન્ડીંગ, સિવણકામની તાલીમ, કોમ્પ્યુટર તાલીમ વગેરેની તાલીમ આપવામાં આવે છે.









કલ્પતરૂના સહયોગથી સંસ્થા ખાતે અદ્યતન ઓડીયોમેટ્રીક રૂમની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. જે ફક્ત ગુજરાત ૩ મૂક-બધિર સ્કુલોમાં જ ઉપલબ્ધ છે. આ સુવિધાથી બાળકોનો સ્પીચથેરાપી આપી અદ્યતન શિક્ષણ આપવામાં આવે છે. સ્માર્ટરૂમની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. જે વસ્તુઓ જોઈને શીખવી શકાય તેવી તમામ બાબતો આ બાળકો શીખી શકે છે. કોમ્પ્યુટર્સ જોબવર્ક કરી ઓફસેટ પ્રિન્ટીંગ કરવું, બાઈન્ડીંગ કામ ખૂબ સારી રીતે ચાલે છે. સંસ્થાને પૂરક આવક થાય છે. બાળકોને પોતાના જીવનમાં સ્વાશ્રયી અને સ્વાવલંબી બનવાની તક મળે છે. હાલની આ પ્રવૃત્તિ ઉપરાંત એક્સરસાઈઝ નોટબુકો બનાવવી, એસેમ્બલીંગ, કોમ્પ્યુટરની તાલીમ, સ્ક્રીન પ્રિન્ટીંગ વિગેરે પ્રવૃત્તિઓના તબક્કાવાર શરૂ કરેલ છે. સંસ્થાને કલર ઝેરોક્ષ મશીન, બ્લેક એન્ડ વ્હાઈટ ઝેરોક્ષ મશીન કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન દ્વારા પ્રાપ્ત થયેલ છે.



વર્ષ-૨૦૦૨થી  આ બાળકો માટે માધ્યમિક શિક્ષણની સુવિધા પણ શરૂ કરાઈ છે. આ સંસ્થામાં અભ્યાસ માટે આવતા બાળકો પાસેથી કોઈપણ પ્રકારની ફી કે ખર્ચ લેવામાં આવતો નથી. હાલ સંસ્થાને સરકારશ્રી તરફથી ઘ-ટાઈપના ૭ સરકારી મકાન ફાળવવામાં આવેલ છે. પણ આ વ્યવસ્થા વિકસતી સંસ્થાને માટે કાયમ માટે અનુકૂળ બની શકે નહીં રહેણાંકના હેતુ માટે બાંધેલ મકાનમાં અભ્યાસ અને બીજી શાળાકીય પ્રવૃત્તિઓમાં મુશ્કેલી પડે છે. એટલે સંસ્થાએ પોતાનું પણ એક અલાયદું મકાન બનાવવા માટે તજવીજ કરેલ છે. સરકારશ્રી પાસે જમીનની માંગણી કરેલી છે જમીન મળતા મકાન માટે વિચારાશે.

## શાળાના ભોજનાલય તિથિ ફંડમાં જન્મદિન-લગ્નદિન પૂણ્યતિથિ નિમિત્તે અનુદાનની વિગત

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧. | શિક્ષણ સહાય, રબર, નોટબુક, પેન્સિલ વિગેરે | ૧૦૦૧/- |
| ૨. | બાળકોને એક જોડ યુનિફોર્મના | ૭૦૧/- |
| ૩. | કાયમી યુનિફોર્મ દાતા (આ રકમના વ્યાજમાંથી દર વર્ષે એક બાળકને યુનિફોર્મ અપાશે.) | ૫,૦૦૧/- |
| ૪. | બાળકને દત્તક લેવાના એક વર્ષ | ૫,૧૦૦/- |
| ૫. | કાયમી એક બાળકને દત્તક લેવા (આ રકમના વ્યાજમાંથી દર વર્ષે એક બાળકના દત્તકનો ખર્ચ લેવાશે.) | ૧૦,૦૦૧/- |
| ૬. | એક ટંક બાળકોને નાસ્તો | ૧,૫૦૧/- |
| ૭. | મેડીકલ એઈડ (દર્દી સહાય યોજના) | ૧,૦૦૧/- |
| ૮. | એક દિવસ સાદા ભોજનના | ૩,૫૦૧/- |
| ૯. | એક ટંક મિષ્ટાન સાથેના ભોજન | ૪,૫૦૧/- |
| ૧૦. | એક ટંક મિષ્ટાન સાથે કાયમી તિથિના | ૫૧,૦૦૧/- |
| ૧૧. | સંસ્થાના આજીવન શુભેચ્છક | ૧૦,૦૦૧/- |

સંસ્થામાં રહેતા બાળકોના ખર્ચને હાલ દિન પ્રતિદિન વધતી જતી મોંઘવારીમાં પહોંચી શકાતું નથી. તેથી  અમો બાળકોને દત્તક લેવા માટેની એક યોજના શરૂ કરી છે  એક બાળકને દત્તક લેવા માટે વાર્ષિક રૂા.૫૧૦૦/- લેવા માટે વિચાર્યું છે.




બધિર કલ્યાણક્ષેત્રે વર્ષ ૨૦૨૨-૨૩નો શ્રેષ્ઠ કામગીરી માટે કીકુભાઈ નાયક એવોર્ડ સંસ્થાના સંચાલક શ્રી વૈભવ જાનીને કછોલી ખાતે સન્માનીત કરાયા.